જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૩/૨૦૧૮ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૫૪૫/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૨૦૪ લીટર દેશી દારૂ, ૪૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪ બિયર ટીન અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૪૧,૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૫૪૬/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૫૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઉચાપત:- સમાચાર યાદી નં.૫૪૭/૧૮

**પાલડી:** શશીપાલ રમેશકુમાર યાદવ (રહે. મહેશભાઈ ફ્લટે આસ્થા હોસ્પીટલ પાછળ ગુપ્તાનગર વાસણા) એ તા.૧૯/૦૩/૧૮ નારોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૩/૧૮ પહેલાના સમયગાળા દરમ્યાન આરોપી નરેન્દ્ર છોટેલાલ જાદવ (રહે. જેઠાલાલની ચાલી એસ.ટી.રોડ,આણંદજી કલ્યાણજી મીલની પાછળ બહેરામપુરા)ને બેંકના નાણાં એટી.એમ. મશીનોમાં લોડ કરવા સારૂ આપેલ જે નાણા એ.ટી.એમ. મશીનમાં લોડ કર્યા બાદ કંપનીની તથા બેંકની જાણ બહાર પાલડી ધરણીધર ખાતે આવેલ એ,ગ્રાઉન્ડ ફ્લોર, અષ્ટ મંગલ રેસીડન્સી,ધરણીધર દેરાસરની સામે આવેલ બ્રીન્કસ ઈન્ડીયા પ્રા.લી. કંપનીની ઓફીસ તથા કોન્ટ્રાક્ટ કરેલ બેંકના એ.ટી.એમ.મશીનમાંથી નરેન્દ્ર જાદવ એ.ટી.એમ મશીનનું લોક પાસવર્ડ જાણતા હોઈ એ.ટી.એમ. મશીનોમાંથી કુલ રૂપિયા ૩૧,૩૨,૪૦૦/- ઉપાડી લઈ ઉચાપત કરી છે. આ ગુનાની તપાસ પોઇ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

## નજર ચુકવી ચોરી:- સમાચાર યાદી નં.૫૪૮/૧૮

**સેટેલાઇટ:** નંદીશ સ/ઓફ નૈનેશકુમાર ચોક્સી (ઉ.વ.૩૨) (રહે.રત્નામળી ટાવર સ્ટારબજારની બાજુમાં જોધપપુર ચાર રસ્તા સેટેલાઇટ) એ તા.૧૯/૦૩/૧૮ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૩/૧૮ બપોરના ૪/૦૦ થી ૪/૩૦ વાગ્યા દરમ્યાન આરોપી બે મહીલા અને બે પુરૂષો સોનાની ખરીદી કરવાના બહાને સેટેલાઇટ પ્રેરણાતીર્થ મંદીરની સામે સાસન કોમ્પ્લેક્ષમાં આવેલ ગ્રાઉન્ડ ફ્લોર દુકાન નંબર-૫ માં આવી નજર ચુકવી દુકાનમાંથી સોનાની ચેઈન નંગ-૨ કિમત રૂપિયા ૫૫,૦૦૦/- ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી ડી.કે.ગમારા ચલાવે છે.

**ખોખરાઃ** ધ્વારકેશભાઇ મનોજભાઇ મકવાણા (ઉ.વ.૨૭) (રહે. સરગમ ફ્લેટ અવદીચ્યનગર સોસાયટી જુની પાયલોટ ડેરી પાસે કાંકરીયા) તા.૧૮/૦૩/૧૮ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે ખોખરા મદ્રાસી મંદીર ત્રણ રસ્તા નજીક થી ટુ વ્હીલર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષોએ ધ્વારકેશભાઇ સાથે બોલાચાલી કરી નજર ચુકવી ધ્વારકેશભાઇના ખીસામાંથી આઇ ફોન એક્સ ૨૫૬ જી.બી મોડલ સીલ્વર કલર મોબાઇલ કિમત રૂપિયા ૮૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ ધ્વારકેશભાઈ મકવાણાએ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.પરમાર ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૪૯/૧૮</u>**

**ચાંદખેડાઃ (૧)** ગીરજાદેવી હરીસિંહ પ્રજાપતિ (ઉ.વ.૫૪) (રહે. પ્રભાવતી ટેનામેન્ટ સામે સામર્થય સ્ટેટસ સામે ડી-કેબીન સાબરમતી) તા.૧૭/૦૩/૧૮ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે મહાકાળી ડેરીની આગળથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ગીરજાદેવી પ્રજાપતીના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ગીરજાદેવી પ્રજાપતીએ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

**(૨)** નીલબહેન રોહિતભાઇ શાહ (ઉ.વ.૬૦) (રહે.દેવપુજન એપાર્ટમેન્ટ ડી માર્ટ મોલ પાછળ મોટેરા) તા.૧૭/૦૩/૧૮ સવારના ૬/૪૫ વાગ્યાના સુમારે મોટેરા દેવપુંજન ફલેટના મેઇન દરવાજાનજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ નીલબહેન શાહના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ નીલબહેન શાહે ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે આ ગુનાની તપાસ પોસ.ઇ. શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૫૦/૧૮</u>**

**સોલા હાઈકોર્ટઃ** દેવારામ મહેંદ્રપાલ જાટ (રહે. ગામ-હરસાની ફાટા તા-બાડેમર જી-બાડેમર) એ તા.૧૮/૦૩/૧૮ રાતના ૧૦/૩૦ વાગે સીમ્સ હોસ્પીટલ નજીક પોતાની સ્કોર્પીયો ગાડી નંબર જીજે આરજે-૧૯ યુસી ૧૫૧૬ કિમત રૂપિયા ૭,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૯/૦૩/૧૮ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ દેવારામ જાટ એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી વી.યુ.પાડવી ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ</u>** **<u>સમાચાર યાદી નં.૫૫૧/૧૮</u>**

**રાણીપઃ** ભીખાભાઇ મોહનભાઇ સોલંકી (રહે.બળીયાદેવની ચાલી રામાપીરનો ટેકરો નવા વાડજ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૩/૧૮ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે સુભાષબ્રીજ ઉપરથી મૃણાલ રમણભાઈ પરમાર (રહે. ઇન્દીરાનગર રોહીતવાસ સામે ઓઢવ) સાથે ભીખાભાઈનો પુત્ર બળદેવ (ઉ.વ.૨૩) મોટર સાયકલ પાછળ બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે મૃણાલ પરમારે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવતા મોટર સાયકલ સ્લીપ ખાઈ જતા બળદેવને ગંભીર ઈજાઓ થતા બળદેવનુ મૃત્યુ નિપજયું હતુંઆ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી પી.બી.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૫૨/૧૮**

**શાહીબાગઃ** સુબોધકુમાર મહેન્દ્ર શર્મા (રહે. બ્લોક નં ૧૪૨ બી.એસ.એફ. ચીલોડા રોડ ગાંધીનગર) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૩/૧૮ સવારના ૮/૧૦ વાગ્યાના સુમારે સીવીલ હોસ્પીટલ ડીવોર્ડ ત્રીજા માળેથી પડતુ મુકીઆત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.કે.મકવાણા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.